B A O U


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
''જ્યોર્તિમય'' પરિસર,
શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧
E-mail: feedback@baou.edu.in Website : www.baou.edu.in


# ફેબ્રુઆરી-૨૦૧૭

## ડિપ્લોમા અભ્યાસક્ર

## પાઠયક્રમ શીર્ષક

## DSL-01,02,03,04

DSL - 01 :- સંસ્કૃતભાષા : સ્વરૂપ અને પરિચય
DSL - 02:- પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પરિચય
DSL - 03 :- દર્શન સાહિત્ય, ધર્મશાસ્ત્ર અને વ્યાવહારિક વ્યાકરણ
DSL - 04 :- સંસ્કૃત કાવ્ય વિવેચન અને ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય પ્રદાન

## અગત્યની સૂચનાઓ

- વિદ્યાર્થીઓએ પોતાના પાઠયક્રમોના સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર/યુનિવર્સિટીની વેબ-સાઈટ પરથી મેળવવાના રહેશે.
- સત્રાંત પરીક્ષા આપવા માટે સ્વાધ્યાય કાર્ય રજુ કરવા ફરજીયાત છે. સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ નહીં હોય, તો પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.
- તૈયાર કરેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની છેલ્લી તારીખ 30/0૭/૨૦૧૭ છે. આ તારીખ પછી વિદ્યાર્થીઓ દ્વારા મોકલાવેલ સ્વાધ્યાયકાર્યો સ્વીકારવામાં આવશે નહી.
- જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોની પહોંચ અભ્યાસકેન્દ્ર પરથી લેવી ફરજીયાત છે.
- વિદ્યાર્થીઓએ નિયત સમય મર્યાદામાં સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવા તેમજ મૂલ્યાંકન થયા બાદ મૂલ્યાંકન પત્રક સાથેના સ્વાધ્યાયકાર્યો અભ્યાસ કેન્દ્ર પરથી અવશ્ય પરત લેવા.
- ડિપ્લોમા અભ્યાસક્રમમાં પાસ થવા માટે 50 માર્કસ જરૂરી છે..

<u>સત્રીયકાર્ય માટે આવશ્યક સૂચનાઓ</u>

<u>**પ્રિય વિદ્યાર્થી મિત્રો**</u>

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠયક્રમ દીઠ સ્વાધ્યાયકાર્યો રજૂ કરવા ફરજીયાત છે. આ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૦૮ સુધીના પ્રવેશાર્થીઓ માટે B.A./B.Com ના પ્રથમ વર્ષ, બીજા વર્ષ તેમજ ત્રીજા વર્ષના તમામ અભ્યાસક્રમ/પાઠયક્રમમાં ચાર ક્રેડિટના પાઠયક્રમમાં બે અને આઠ ક્રેડિટના પાઠયક્રમમાં ત્રણ સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાનો નિયમ હતો. એકેડેમીક પ્લાનીગ બૉડની (A.P.B.મંજૂરીથી) ઓગષ્ટ-૨૦૦૯ થી પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય રજૂ કરવાની નવી પદ્ધતિ શરૂ થયેલ છે. તેથી આપને પાઠયક્રમ દીઠ એક-એક સ્વાધ્યાયકાર્ય જે અભ્યાસ કેન્દ્ર પરથી મેળવવાના હોય અને તેને નિશ્ચિત થયેલ છેલ્લી તારીખમાં સ્વ-અધ્યયનના આધારે તૈયારી કરી, પોતાના અભ્યાસ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે ૧૦૦ ગુણ નિશ્ચિત છે. જેમાં પાસ થવા માટે ૩૬ ગુણ જરૂરી છે. પરિણામમાં તેનો ભારાંક ૩0% છે.

આ સત્રીયકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય પરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સત્રીયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્રો જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્યો તૈયાર કરવાની કામગીરી ગંભીરતાથી કરશો. તમારે પાઠયક્રમના સ્વાધ્યાયકાર્યોમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર **નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.**

જવાબ માટે કેવળ(ફક્ત) ફૂલસ્કેપ કાગળનો જ ઉપયોગ કરો અને તે કાગળોને વ્યવસ્થિત બાંધવા

દરે જવાબના પહેલા પ્રશ્ન સંખ્યા આવશ્યક (ફરજિયાત) લખો.

સ્વહસ્તાક્ષર માં જવાબ લખો.

નોંધ :- સત્રાંત પરીક્ષા આપતા પહેલા સ્વાધ્યાયકાર્યો જમા કરાવવા ફરજિયાત છે.

અન્યથા (નહિતર) પરીક્ષા આપવામાં આવશે નહીં.

નોંધણી નંબરઃ-____________________

પૂરું નામ :- ____________________

સરનામું :- ____________________

મોબાઈલ નં :- ____________________

તારીખ :- ____________________

અભ્યાસક્રમ :- ________________________

પાઠયક્રમ :- ________________________

સ્વાધ્યાય સંખ્યાઃ-________________________

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સત્રીયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.

જૂના વિદ્યાર્થીઓ (૨૦૦૮ સુધીના) માટે જૂની પધ્ધતિના સ્વાધ્યાયકાર્યો યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેવું.

**શુભેચ્છા સહ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠ્યક્રમ કોડ :- DSL-01 :- સંસ્કૃતભાષા : સ્વરૂપ અને પરિચય**

**સત્રીયકાર્ય કોડ :- DSL-01/AST-01/TMA/2017**

**(તમામ પાઠ્યસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :-** 30/07/૨૦૧૭ **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (ગમે તે બે) (૨×૨૦=૪૦)**

૧. સંસ્કૃત ભાષાનું સ્વરૂપ તથા વિકાસ નિરૂપો.

૨. મહાકવિ ભાસનો પરિચય આપી ભાસરચિત નાટકોની ચર્ચા કરો.

૩. વ્યાકરણનાં રૂપાખ્યાનો વર્ણવો.

૪. કમ્પ્યુટર માટે સંસ્કૃત ભાષાની પ્રસ્તુતતા સમજાવી કમ્પ્યુટરના લાભ તથા નુકસાન વર્ણવો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે) (૨×૧૫=૩૦)**

૧. ભાષાની વ્યાખ્યા આપી ભાષા સ્વરૂપ વિશે ચર્ચા કરો.

૨. સંસ્કૃત કાવ્ય સાહિત્યનો ઉદ્‌ગમ અને વિકાસ વર્ણવો.

૩. મહાકવિ કાલિદાસના સાહિત્ય સર્જન પર નોંધ લખો.

૪. ‘મુક્તક’ની વ્યાખ્યા આપી તેના લક્ષણો જણાવો તથા નીતિશતકનો પરિચય આપો.

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે બે) (૨×૫=૧૦)**

૧. મહાકવિ બાણનું જીવનચરિત્ર વર્ણવો.

૨. ***किरातार्जुनीयम्***ના રચયિતા વિશે સંક્ષિપ્ત નોંધ લખો.

૩. ‘***मृच्छकटिकम्***’ ની કથાવસ્તુ ટૂંકમાં વર્ણવો.

૪. નીચેના રૂપો ઓળખાવો.

***देवयोः, लतायाम्, मातृषु, गुरोः, बालानाम्, रामस्य, भानुना, नदीभ्याम्, पतये, पितङउँ***

**વિભાગ-ઘ નીચે આપેલા વિધાનોની ખાલી જગ્યાઓમાં યોગ્ય ઉત્તર લખો. (ગમે તે દસ) (૧૦×૨=૨૦)**

૧. કમ્પ્યુટરની શોધ સૌ પ્રથમ ________એ કરી.

૨. દુર્જનની જીભમાં ________હોય છે, પણ હ્રદયમાં ________હોય છે.

૩. સોનાના દાગીના પહેર્યા હોય, તો પણ ________નારી શોભતી નથી.

૪. આત્મા જ આત્માનો ________અને ________પણ છે.

૫. પોતાના ભાવોને વ્યક્ત કરવા માટે પોતાનામાં પૂર્ણ એવા સાર્થક શબ્દસમૂહને ________કહે છે.

૬. ________ધાતુ પરથી ‘ભાષા’ શબ્દ બન્યો છે.

૭. ગદ્યનો સૌ પ્રથમ આવિર્ભાવ ________માં જોવા મળે છે.

૮. પિંગળ મુનિએ ________નો ગ્રંથ રચ્યો છે.

૯. ગંગા લહરી વગેરે લહરી કાવ્યોનાં રચનાકાર ________છે.

૧૦. ભર્તૃહરિની કાવ્ય રચનાઓ ________પ્રકારની છે.

૧૧. કવિ અમરુનો સમય ________નો હશે તેવો સામાન્ય મત છે.

૧૨. કવિ જયદેવ ________ના નિવાસી હતા ?

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- DSL-02:- પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પરિચય**

**સત્રીયકાર્ય કોડ :- DSL-02/AST-01/TMA/2017**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/0૭/૨૦૧૭** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક** **વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧. 'વેદ' શબ્દનો અર્થ અને વ્યુત્પત્તિ આપી ઋગ્વેદનાં વિષયો વર્ણવો.

**અથવા**

ઉપનિષદનો પરિચય આપી ઉપનિષદોનાં વિષયવસ્તુ નિરૂપો.

૨. સંસ્કૃતકથાસાહિત્યનાં ઉદ્ભવ અને વિકાસ વિશે વિસ્તૃત નોંધ લખો.

**અથવા**

પ્રાણીકથાની શૈલી અને લાક્ષણિકતાઓ વર્ણવો.

**વિભાગ-ખ** **મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧. ઋગ્વેદનાં સંવાદ સૂક્તો વિશે પરિચયાત્મક નોંધ લખો.

૨. અથર્વવેદનાં વિવિધ નામો દર્શાવી ભારતીય સમાજનું આ વેદમાં ઝીલાતું પ્રતિબિંબ નિરૂપો.

૩. મનોરંજક કથા સંગ્રહોનો પરિચય કરાવો.

૪. પંચતંત્ર અને હિતોપદેશનું બોધદાયક કથાસંગ્રહ તરીકે રસદર્શન કરાવો.

**વિભાગ-ગ** **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે બે)** (૨×૫=૧૦)

૧. રામકથાનું પ્રાગટ્ય ટૂંકમાં લખો.

૨. પંચતંત્ર શીર્ષક સ્પષ્ટ કરો.

૩. 'બોધિસત્વ' શબ્દ સમજાવો.

૪. ઈન્દ્રસૂક્તમાં વર્ણવેલ ઈન્દ્રનાં પરાક્રમોનું વર્ણન કરો.

**વિભાગ-ઘ** **નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (ગમે તે દસ)** (૧૦×૨=૨૦)

૧. કયા વેદમાં પ્રાચીન ગદ્યનાં દર્શન થાય છે ?

(અ) ઋગ્વેદ (બ) યજુર્વેદ (ક) સામવેદ (ડ) અથર્વવેદ

૨. જુગારની બદીનો ઉલ્લેખ કયા સૂક્તમાં જોવા મળે છે ?

(અ) *अक्षसूक्त* (બ) *इद्रसूक्त* (ક) *पृथ्वीसूक्त* (ડ) *साम्मनस्यसूक्त*

૩. ભારતીય ચિંતનની શરૂઆત ________થી થઈ.

(અ) બ્રાહ્મણ (બ) આરણ્યક (ક) ઉપનિષદ (ડ) ગીતા

૪. _______ગ્રંથ વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ જાણવા માટે અત્યંત ઉપયોગી છે.

(અ) નિરુક્ત (બ) છંદ (ક) પ્રાતિશાખ્ય (ડ) શિક્ષા

૫. વેદાંગોની સંખ્યા કેટલી છે ?

(અ) ૪ (બ) ૬ (ક) ૮ (ડ) ૧૦

૬. *काकोलुकीय* કયા ગ્રંથનો ભાગ છે ?

(અ) પંચતંત્ર (બ) હિતોપદેશ (ક) જાતકકથાઓ (ડ) કથાસરિતસાગર

૭. *बृहत्कथा*ના રચયિતા કોણ છે ?

(અ) ગુણાઢ્ય (બ) વિષ્ણુશર્મા (ક) નારાયણ (ડ) નારદ

૮. '*शुनोच्छिष्टम्*' શબ્દનો અર્થ શું છે ?

(અ) કાગડાનું એઠું (બ) કૂતરાનું એઠું (ક) ગાયનું એઠું (ડ) પોપટનું એઠું

૯. *किं पार्थिवेन कर्तव्यं...?* એવો પ્રશ્ન કોણ કરે છે ?

(અ) અર્જુન કૃષ્ણને (બ) યુધિષ્ઠિર વેદવ્યાસને (ક) યુધિષ્ઠિર ભિષ્મપિતામહને (ડ) અર્જુન ભિષ્મપિતામહને

૧૦. હિતોપદેશનાં રચયિતા કોણ છે ?

(અ) નારાયણ (બ) વિષ્ણુશર્મા (ક) કાલિદાસ (ડ) ભાસ

૧૧. નીચેનામાંથી કયો ગ્રંથ આજે ઉપલબ્ધ નથી ?

(અ) *कथासरित्सागर:* (બ) *बृहत्कथा* (ક) *बृहत्कथाश्लोकसंग्रह:* (ડ) *सुभाषितरत्नभाण्डागार:*

૧૨. મહાકવિ ભાસની કૃતિ કઈ છે ?

(અ) *रत्नावली* (બ) *अभिज्ञानशाकुन्तलम्* (ક) *पञ्चरात्रम्* (ડ) *कुमारसम्भवम्*

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- DSL-03:- દર્શન સાહિત્ય, ધર્મશાસ્ત્ર અને વ્યાવહારિક વ્યાકરણ**

**સત્રીયકાર્ય કોડ :- DSL-03/AST-01/TMA/2017**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/૦૭/૨૦૧૭** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો.** (૨×૨૦=૪૦)

૧. દર્શન શબ્દની સંકલ્પના સ્પષ્ટ કરી ભારતીય દર્શનોનાં નામ જણાવો અને નાસ્તિક દર્શનોની વિસ્તૃત માહિતી આપો.

અથવા

કાત્યાયન અષ્ટાધ્યાયી અને પ્રક્રિયાગ્રંથો પર નોંધ લખો.

૨. કપિલમુનિનો પરિચય આપી સાંખ્યદર્શન પરંપરાના સિદ્ધાંતો પર વિસ્તૃત નોંધ લખો.

અથવા

ન્યાય શબ્દનો અર્થ આપી ન્યાયદર્શન પરંપરાના સિદ્ધાંતો પર વિસ્તૃત નોંધ લખો.

**વિભાગ-ખ** **મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧. વિશે નોંધ લખો : યોગદર્શનનાં સિદ્ધાંતો

૨. ચાર્વાકદર્શન અને જૈનદર્શન પર પરિચયાત્મક નોંધ લખો.

૩. *'ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैवनापरः'* । કહેનાર કોણ હતા ? તેમણે આપેલા સિદ્ધાંતો ચર્ચો.

૪. પારાશર સ્મૃતિનો પરિચય આપો.

**વિભાગ-ગ** **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે બે)** (૨×૫=૧૦)

૧. દ્વન્દ્વ સમાસનો અર્થ સમજાવી તેના પ્રકારો ઉદાહરણસહિત સમજાવો.

૨. બહુવ્રીહિ અને કર્મધારય સમાસનો ભેદ ઉદાહરણસહિત સમજાવો.

૩. વ્યંજન સંધિનો અર્થ સમજાવી મૂર્ધન્યીકરણ ઉદાહરણસહિત સમજાવો.

૪. હેત્વર્થકૃદંત અને સંબંધક ભૂતકૃદંતનો ભેદ ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરો.

**વિભાગ-ઘ** **માગ્યા પ્રમાણે જવાબ આપો (ગમે તે દસ)** (૧૦×૨=૨૦)

૧. સમાસની વ્યાખ્યા લખો.

૨. વિધ્યર્થકૃદંતનો ઉપયોગ દર્શાવતા કોઈ બે વાક્યો સંસ્કૃતમાં લખો.

૩. *यदा भानुः उदेति तदा आकाशः रक्त : भवति* ।સતિસપ્તમી પ્રયોગ પ્રયોજી વાક્ય ફરી લખો.

૪. *बुद्धिमानः जनः सः मूढं इव आचरति* । અધોરેખિત શબ્દને ધ્યાનમાં રાખી નામધાતુનો ઉપયોગ કરી વાક્ય પુનઃ લખો.

૫. ઈચ્છાદર્શક પ્રયોગ અનુસાર '*भवितुम् इच्छति*' અને '*पातुम् इच्छति*' - આ બંને બીજી કઈ રીતે વ્યક્ત કરશો ?

૬. પ્રેરક વાક્યનાં બે ઉદાહરણ આપો.

૭. *सुरेशः अद्य मधूरं फलं खादति* ।- કર્મણિ વાક્ય રચો.

૮. પાણિનિએ આપેલ 'સવર્ણ ' સંજ્ઞા કરનારું સૂત્ર લખો.

૯. *योगेन चितस्य पदेन वाचां* ......... પદ્ય પૂર્ણ કરો.

૧૦. પાણિનિ, જૈમિનિ અને પિંગલનાં મૃત્યુનો ઉલ્લેખ કરતો પંચતંત્રમાં ઉદ્ધૃત શ્લોક લખો.

૧૧. મનુસ્મૃતિકારના મતે મહાપાતક કયા કયા છે ?

૧૨. આશ્રમવ્યવસ્થા અનુસાર ચાર આશ્રમોનાં નામ આપો તથા ગૃહસ્થાશ્રમનું મહત્વ સમજાવો.

---

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**પાઠયક્રમ કોડ :- DSL-04:- સંસ્કૃત કાવ્ય વિવેચન અને ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય પ્રદાન**

**સત્રીયકાર્ય કોડ :- DSL-03/AST-01/TMA/2017**

**(તમામ પાઠયસામગ્રી પર આધારિત)**

**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તારીખ :- 30/0૭/૨૦૧૭** **(કુલ ગુણ:-100)**

**વિભાગ-ક વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૫૦૦ શબ્દોમાં આપો. (ગમે તે બે)** (૨×૨૦=૪૦)

૧. કાવ્યશાસ્ત્રનાં વિચારપ્રવાહોની વિસ્તૃત ચર્ચા કરો.

૨. કાવ્યના પ્રયોજનો અંગે વિવિધ આચાર્યોના મતો અંગે વિસ્તૃત નોંધ લખો.

૩. કાવ્યની વિવિધ વિદ્વાનો દ્વારા કરવામાં આવેલી વ્યાખ્યાઓ જણાવી વિવેચન કરો.

૪. ગુજરાતમાં સલ્તનત કાલ અને મુઘલ કાલ દરમ્યાન થયેલું સંસ્કૃત સાહિત્ય સર્જન વર્ણવો.

**વિભાગ-ખ મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૦૦૦ શબ્દોમાં આપો.(ગમે તે બે)** (૨×૧૫=૩૦)

૧. કાવ્યનાં પ્રકારો

૨. કાવ્યનાં ઘટક તત્વો તરીકે દોષ-અદોષ અને વૃત્તિ-પ્રવૃત્તિ

૩. ગુજરાતમાં સોલંકી કાળ દરમ્યાન રચાયેલા ઐતિહાસિક રૂપકો

૪. મહાકવિ ભાસ અને માઘનું પ્રદાન

**વિભાગ-ગ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.(ગમે તે બે)** (૨×૫=૧૦)

૧. ગુજરાતમાં મૈત્રક અને અનુમૈત્રક કાળમાં ભાષા સાહિત્ય ક્ષેત્રે થયેલ પ્રદાન જણાવો.

૨. સહજાનંદ સ્વામીનો ‘શિક્ષાપત્રી’ નામના ગ્રંથનો ટૂંકમાં પરિચય આપો

૩. *न तत्जायते यत्र काव्याङ्गमहा भारा महान्कवे:* ॥સમજાવો.

*ज्ञानं न तच्छिलपं न सा विद्या न सा कला ।*

૪. કવિની પ્રતિભા અને વિદ્વતાના સંદર્ભમાં આચાર્ય ભામહનું વિધાન “*काव्यं तु जायते जातु कस्यचित्प्रतिभावत:*” સમજાવો.

**વિભાગ-ઘ માગ્યા પ્રમાણે જવાબ આપો (ગમે તે દસ)** (૧૦×૨=૨૦)

૧. સંસ્કૃત સાહિત્યમાં હેતુનો અર્થ ટૂંકમાં સ્પષ્ટ કરો.

૨. ભામહ અને દંડી દ્વારા સંસ્કૃતમાં આપવામાં આવેલી કાવ્યની વ્યાખ્યા અનુવાદ સહિત લખો.

૩. પંડિતરાજ જગન્નાથ અને વિશ્વનાથની રચના અને કાર્યકાળ જણાવો.

૪. આચાર્ય જયદેવ 'ચંદ્રાલોક'માં અલંકાર વિચાર સંદર્ભે રજૂ કરેલ આચાર્ય મમ્મટની હાંસી ઉડાવતો પદ્યાંશ લખો.

૫. 'થિયરી ઑફ બ્યુટી' પુસ્તકમાં કેરિટ દ્વારા સૌંદર્યતત્વના સંદર્ભમાં રજૂ કરેલ અભિપ્રાય જણાવો.

૬. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો કાર્યકાળ અને રચનાનો પરિચય આપો.

૭. વસ્તુપાલ વિષયક કાવ્યો પૈકી કોઈ બે કાવ્ય અને તેના રચયિતા જણાવો.

૮. રામભદ્ર સૂરિનો કાર્યકાળ અને કૃતિ પરિચય ટૂંકમાં આપો.

૯. સંસ્કૃત સાહિત્યનાં અર્વાચીન કવિ પ્રો. ડૉ. વાસુદેવ પાઠકની કોઈ બે કૃતિઓનાં નામ આપો.

૧૦. અર્વાચીન કવિ ડૉ. હર્ષદેવ માધવ દ્વારા સમકાલિન કવિતા અંગે ઉભા કરેલા પ્રશ્નો પૈકી કોઈ બે પ્રશ્નો જણાવો.

૧૧. પ્રા. ઋષિરાજ અગ્નિહોત્રીનાં કાવ્યસંગ્રહો જણાવો.

૧૨. અર્વાચીન સંસ્કૃત સાહિત્યમાં 'મરીચિકા'ના રચયિતા અને તેમની કૃતિનો ટૂંકમાં પરિચય આપો.